GJGS040002122025

| | | | |
|---|---|---|---|
| દાખલ કર્યા તારીખ | ૧૭ | ૦૧ | ૨૦૨૫ |
| રજીસ્ટર્ડ કર્યા તારીખ | ૧૭ | ૦૧ | ૨૦૨૫ |
| ફેંસલ કર્યા તારીખ | ૨૪ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**ઉનાના મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–ઉના.**

**ફો.પ.અ. નં. ૧૭/૨૦૨૫**
**આંક–**

**અરજદારો**

**૧. સંગીતાબેન વા.ઓ. દીપકગીરી ગૌસ્વામી ડો.ઓ. વિનોદભારથી ગોસાઇ**
ઉ.વ.આ. ૩૬, ધંધો– ઘરકામ,

**૨. સગીર ધ્રુવગીરી દિપકગીરી ગૌસ્વામી**
ઉ.વ.આ. ૮, ધંધો – કાંઇ નહીં,
સગીરના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે
તેમના માતા અરજદાર નં. ૧
રહે. બંને ઉના, ગુરુનાનક સોસાયટી, વેરાવળ રોડ,
તા. ઉના, જી. ગીર સોમનાથ.

–॥ વિરૂદ્ધ ॥–

**સામાવાળાઓ**

**૧. દીપકગીરી ચંદુગીરી ગૌસ્વામી (પતિ)**
ઉ.વ.આ. ૩૬, ધંધો – કારખાનામાં નોકરી,

**૨. ચંદુગીરી દેવગીરી ગૌસ્વામી (સસરા)**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો – વેપાર,

**૩. રસીલાબેન ચંદુગીરી ગૌસ્વામી (સાસુ)**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો – ઘરકામ,

**૪. રમેશગીરી ચંદુગીરી ગૌસ્વામી (જેઠ)**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો – કારખાનામાં કારીગર,

૫. **રાકેશ ઉર્ફે રતિ ચંદુગીરી ગૌસ્વામી (જેઠ)**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો – કારખાનામાં કારીગર,

૬. **આશાબેન વા.ઓ. રાકેશ ઉર્ફે રતિ ગૌસ્વામી**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો – ઘરકામ,
તમામ રહે. મફતીચાપરા, શ્રમજીવીનગર, મેલડીમાંના મંદિર પાસે, તા. સાવરકુંડલા, જી. અમરેલી.

**કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળની અરજી...**

---

અરજદાર તરફે – વિદ્વાન વકીલશ્રી એચ.સી. ચૌહાણ
સામાવાળા તરફે – એકતરફી

---

**–: ચુ કા દો :–**

**અરજદારની અરજીની હકિકતઃ**

૧) અરજદારની આ અરજીની હકિકત એવા પ્રકારની છે કે, આ કામના અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં. ૧ સાથે અરજીના દસ વર્ષ પહેલા હિન્દુ શાસ્ત્રોક્ત વિધી તથા જ્ઞાતિના રિતરિવાજ મુજબ થયેલ. સામાવાળા નં. ૨ અરજદારના સસરા, સામાવાળા નં. ૩ અરજદારના સાસુ, સામાવાળા નં. ૪ તથા ૫ નાઓ જેઠ તથા સામાવાળા નં. ૬ અરજદારના જેઠાણી થાય છે. લગ્ન બાદ અરજદાર સામાવાળા નં. ૧ સાથે તેના સંયુક્ત કુટુંબમાં મફતીચાપરા ગામ મુકામે રહેવા ગયેલા, જ્યાં તેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. અરજદારના સામાવાળા નં. ૧ સાથેના લગ્ન જીવનથી સંતાનમાં બે પુત્રો ધ્રુવગીરી, ઉ.વ.આ. ૮ તથા દેવમગીરી, ઉ.વ.આ. ૫ થયેલ છે જે પૈકી પુત્ર ધ્રુવગીરી હાલ અરજદાર સાથે રહે છે તેમજ બીજો પુત્ર દેવમગીરીને સામાવાળા નં. ૧ નાએ અરજદાર પાસેથી મારકુટ કરી છીનવી લીધેલ છે.

૧.૧) વધુમાં અરજદાર જણાવેલ છે કે, લગ્ન બાદ સામાવાળાઓએ અરજદારને દોઢેક વર્ષ સારી રીતે રાખેલ. ત્યારબાદ સામાવાળાઓ અરજદારને કરિયાવર બાબતે મેણાટોણા મારી માનસિક તથા શારીરિક દુઃખ ત્રાસ આપતા પરંતુ અરજદાર પોતાના સંતાનો ખાતર સામાવાળાઓનો ત્રાસ મુંગા મોઢે સહન કરતા. સામાવાળા નં. ૧ નાએ અરજદારથી છુટાછેડા લેવા હોય જેથી અરજદારને શારીરિક-માનસિક ત્રાસ આપેલ. સામાવાળા નં. ૧ દારૂ પીવાની ટેવવાળા હોય દારૂ પીને ઘરે આવે ત્યારે સામાવાળા નં. ૨ થી ૬ નાઓની ચડામણીથી અરજદારને મારકુટ કરતા કરતા. સામાવાળાઓએ એકસંપ કરી અરજીના ત્રણ વર્ષ પહેલા અરજદારને કરિયાવર બાબતે મેણાટોણા મારી, ભુંડી ગાળો બોલી, છુટાછેડા કરી આપવા દબાણ કરી, ઢીકાપાટુંનો માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, માનસિક તથા શારીરિક ત્રાસ આપી તેમજ અરજદારના સોના ચાંદીના દાગીના તેમજ કરિયાવરનો સરસામાન વિગેરે છીનવી લઈ અરજદારને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલ હોય અરજદાર નિઃસહાય અવસ્થામાં તેના માવતરે આવેલ. ત્યારબાદ સામાવાળાઓએ અરજદાર તથા તેના પુત્રનો ત્યાગ કર્યા બાદ આજ દિવસ સુધી અરજદારને તેડવા આવેલ નથી કે અરજદારોના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી.

૧.૨) વધુમાં અરજદાર જણાવેલ છે કે, સામાવાળા નં. ૧ શરીરે સશક્ત અને તંદુરસ્ત છે. સામાવાળા નં. ૧ લોખંડના કારખાનામાં કારીગર તરીકે કામ કરીને મહીને રૂ. ૪૦,૦૦૦/- કમાય છે. સામાવાળા નં. ૨ વેપાર ધંધો કરીને મહીને રૂ. ૫૦,૦૦૦/- કમાય છે. સામાવાળા નં. ૪ લોખંડના કારખાનામાં કામ કરીને મહીને રૂ. ૩૦,૦૦૦/- કમાય છે. સામાવાળા નં. ૫ લોખંડના કારખાનામાં કામ કરીને મહીને રૂ. ૩૦,૦૦૦/- કમાય છે. સામાવાળા નં. ૬ મરચાની ઘંટી ચલાવી મહીને રૂ. ૫૦,૦૦૦/- કમાય છે. મફતીયાપરા ગામ મુકામે

શ્રમજીવી નગરમાં ઘરના પાકા મકાન તેમજ પ્લોટો આવેલ છે. જ્યારે અરજદાર સાજા માંદા રહેતા હોઈ કોઈ કામધંધો કરતા નથી.

**૧.૩)** વધુમાં અરજદારે જણાવેલ છે કે, અરજદારે સામાવાળા નં. ૧ સામે ઉનાની નામદાર કોર્ટમાં ફો.પ.અ. નં. ૩૫૦/૨૦૨૩ થી ભરણપોષણ મેળવવા માટે અરજી કરેલ છે, જેમાં અરજદાર નં. ૧ ને વચગાળાના ભરણપોષણ પેટે માસિક રૂ. ૩,૬૦૦/- તથા અરજદાર નં. ૨ ને માસિક રૂ. ૮૦૦/- એમ કુલ રૂ. ૪,૪૦૦/- ચુકવવાનો હુકમ નામદાર કોર્ટે કરેલ છે.

**૧.૪)** અરજદારે હાલની અરજી કરી એવી દાદ માંગેલ છે કે, ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટના કાયદા મુજબ સામાવાળાઓને ઘરેલું હિંસા કરતા અટકાવવાનો ન્યાયિક હુકમ કરવા તેમજ સામાવાળાની માલિકીની મિલકતો તેમજ સામાવાળાના નામે ચાલતી મિલકતો અન્યના નામે કોઈ પણ પ્રકારે ટ્રાન્સફર કરે નહી તેવો હુકમ કરવા તેમજ સામાવાળા અરજદારની કરિયાવરની ચીજવસ્તુઓમાં ફેરફાર કરે નહી કે બગાડ કરે નહી તેમજ કરિયાવરનો કબજો તાત્કાલિક સોંપી આપે તેવો હુકમ કરવા તેમજ સામાવાળાઓ ઉપર જરૂરી શરતો ફરમાવવા તથા સામાવાળાઓના જામીન તથા જાત મુચરકા આપવાનું હુકમ ફરમાવવા તેમજ અરજદારના સ્ટાન્ડર્ડ ઓફ લીવીંગ અનુસાર અરજદારોના ભરણપોષણ પેટે માસિક રૂ. ૧૦,૦૦૦/-, શાળાની ફી અને સબંધિત ખર્ચ પેટે માસિક રૂ. ૨૦,૦૦૦/-, ઘર ખર્ચની રકમ પેટે માસિક રૂ. ૨૦,૦૦૦/- તથા બીજા અન્ય ખર્ચાઓ માટે માસિક રૂ. ૫૦,૦૦૦/- અરજીની તારીખથી ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તેમજ અરજદારને થયેલ માનસિક વ્યથાના નુકસાન પેટે રૂ. ૨,૦૦,૦૦૦/- ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તેમજ અરજદારના રહેણાક માટે વ્યવસ્થા કરી આપે તેવો સામાવાળા સામે હુકમ ફરમાવવા તેમજ સદર કાયદાના પ્રબંધો પ્રમાણે મળી શકતી

તમામ દાદ તેમજ અરજીનો તમામ ખર્ચ સામાવાળાઓ પાસેથી ચુકવી આપવાનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**સામાવાળાના જવાબની હકિકતઃ**

**૨)** સદર અરજીની સામાવાળાઓને નોટીસ કરવામાં આવતા નોટીસની બજવણી થવા છતાં સામાવાળાઓ અદાલતમાં હાજર રહેલ ન હોય કે તેઓ તરફે કોઇ વકીલપત્ર રજુ રાખેલ ન હોય જેથી અરજદારે તરફે સામાવાળાનો વાંધા જવાબ રજુ રાખવાનો હક્ક બંધ કરવાની અરજી રજુ રાખવામાં આવતા સદર અરજી તળે હુકમ કરી સામાવાળાનો વાંધાજવાબ રજુ રાખવાનો હક્ક બંધ કરવામાં આવેલ.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવોઃ**

**૩)** આ કામે અરજદાર દ્વારા નીચે મુજબનો લેખિત તથા મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**– ઃ અરજદાર તરફે મૌખિક પુરાવો ઃ–**

| ક્રમ | વિગત | આંક |
| --- | --- | --- |
| ૧ | અરજદાર–સંગીતાબેન વા.ઓ. દીપકગીરી ગૌસ્વામીનું સરતપાસનું સોગંદનામું | ૧૪ |

અરજદાર તરફે ઉપરોકત પુરાવો રજૂ થયા બાદ વધુ કોઈ પુરાવો રજૂ કરવો ન હોય તે મતલબની આંક–૧૬ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

**– ઃ સામાવાળા તરફે પુરાવો ઃ–**

**૩.૧)** અરજદારનો પુરાવો પુરો થયા બાદ કામ અરજદારની ઉલટતપાસ તથા સામાવાળાના પુરાવા માટે હોય પરંતુ સામાવાળાઓ કે તેમના વિંદ્વાન વકીલશ્રી નામદાર કોટમાં હાજર રહેતા ન હોય સામાવાળાનો પુરાવો રજુ રાખવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**દલીલોઃ**

૪) અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદારના વિદ્વાન વકીલશ્રી દ્વારા અરજીમા જણાવેલ કારણોસર અને અરજદારનું સોગંદનામું તથા પુરાવાને ધ્યાને રાખી આ કામના સામાવાળાઓ વિરૂદ્ધ માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ ગુજારેલ છે. સામાવાળાનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**મુદ્દાઓઃ**

૫) અરજદારની અરજી તથા સામાવાળાનો જવાબ ધ્યાને લેતા હાલની અરજી નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ હાલની અરજીમાં માંગ્યા મુજબની દાદો મેળવવા હકકદાર છે ?

૨) આખરી હુકમ ?

**નિર્ણયોઃ**

૬) ઉપરોકત મુદ્દાઓનો મારો ન્યાયીક નિર્ણય અને તારણો નીચે મુજબ છે.

૧) અંશતઃહકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

**– ઃ કા ર ણો ઃ–**

**મુદ્દા નં. ૧ ના કારણોની ચર્ચા ઃ–**

૭) આ કામના અરજદારે તરફે આંક – ૧૪ થી સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે જેમાં અરજદારે પોતાની આંક–૧ ની અરજીની હકિકતને સમર્થન આપેલ છે.

૮) ઘરેલુ હિસાખોરીથી સ્ત્રીઓનુ રક્ષણ આપતા અધિનિયમ–૨૦૦૫ કાયદા અન્વયે જો કોઈ અરજદાર દાદ મેળવવા માંગતુ હોય તો સૌ પ્ર

થમ ધરેલુ હિસા થયેલ છે કે કેમ ? તે હકીકત ધ્યાને લેવી જરુરી બને છે અને જો અરજદાર પારીવારીક હિંસાનો ભોગ બનેલ હોય તો જ તેઓ આ અધિનિયમ હેઠળ દાદ મેળવવા હકકદાર બને છે.

૯) આ કામે આગળ વધતા અરજદાર દ્વારા જે દાદ માંગવામાં આવેલ છે તે જોતા સૌપ્રથમ કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને રાખવી અતિ આવશ્યક છે.

૧૦) **Section 18 of The D.V. Act deals with the Protection orders.**

The Magistrate may, after giving the aggrieved person and the respondent an opportunity of being heard and on being prima facie satisfied that domestic violence has taken place or is likely to take place, pass a protection order in favor of the aggrieved person and prohibit the respondent from any act as mentioned in sub-clause (a) to (g).

૧૦.૧) આ કામના અરજદાર દ્વારા કાયદાની કલમ ૧૮ મુજબની રીલીફ નામદાર કોર્ટ સમક્ષ માંગવામાં આવેલ છે, પરંતુ આ કામે અરજદાર દવારા તેમના મોખીક કે દસ્તાવેજી પુરાવાના સર્મથનમાં એવો કોઈ પુરાવો રજુ રખાયેલ નથી કે જેનાથી એવી હકીકતો પુરવાર થતી હોય કે આ કામના આરોપીઓ દ્વારા આ કામના અરજદારને ઉપરોક્ત કલમમાં જણાવ્યા મુજબ હેરાનગતી કે કનગડત હાલ ચાલુ હોય કે હાલ કરવામાં આવતી હોય પરંતુ **અરજદારોને કલમ–૧૮ હેઠળ**

**કૌટુંબિક હિંસા ના કૃત્યો કરવા પર પ્રતિબંધ મુકવાનો હુકમ કરવો એ યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ આવે છે.**

૧૧) **Section 19 of The D.V.Act deals with the Residence orders.**

(1) While disposing of an application under sub-section (1) of section 12, the Magistrate may, on being satisfied that domestic violence has taken place, pass a residence order as mentioned in sub-clause (a) to (f) In addition to above relief the magistrate may grant any relief as he may deem fit as stated in sub-section (2) to sub-section (8)

**૧૧.૧)**આ કામના અરજદાર દ્વારા કાયદાની કલમ ૧૯ મુજબના રેસીડન્સ ઓર્ડર બાબતની રીલીફ નામદાર કોર્ટ સમક્ષ માંગવામાં આવેલ છે. આ કામે અરજદાર દ્વારા આ કામના સામાવાળાની કોઈ મિલકત અત્રે આવેલ છે કે કેમ ? તે બાબતનો કોઈ પુરાવો આ કામના અરજદાર પક્ષ દ્વારા નામદાર કોર્ટના રેકર્ડ પર સંતોષકારક રીતે લાવવામાં આવેલ નથી. આ કામનાં અરજદાર હાલ **તેઓના માવતરને ત્યાં રહે છે અને ઓશીયાળુ જીવન વિતાવે છે અને આ કામના અરજદારને ભવિષ્યમાં પણ રહેઠાણ બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેણી સુરક્ષીત રહી શકે તેવી હકિકતો ધ્યાને લેતા આ કામના અરજદારને કલમ ૧૯ માં જણાવ્યા મુજબની ભાડાની રકમ મળી રહે તે વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે.**

૧૨) **Section 20 of The D.V. Act speaks about Monetary reliefs.**

While disposing of an application under sub-section (1) of section 12,the Magistrate may direct the respondent to pay monetary relief to meet the expenses incurred and losses suffered by the aggrieved person and any child of the aggrieved person as a result of the domestic violence and such relief may include, but not limited to as stated in sub clause (a) to (d) of the sub section (1). The magistrate may also pass any order on his satisfaction as stated in sub-section (2) to (6).

**૧૨.૧)** આ કામના અરજદાર દ્ધારા કાયદાની કલમ ૨૦ મુજબની મોનીટરી ઓર્ડર બાબતની રીલીફ નામદાર કોર્ટ સમક્ષ માંગવામાં આવેલ છે. આ કામે અરજદાર સામાવાળાથી અલગ રહી ઓશીયાળું જીવન વીતાવતા હોય તેમના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય અને આવા સંજોગોમાં આ કામના સામાવાળા નં. ૧ કે જેઓ અરજદારના પતિ તથા અરજદાર નં. ૨ ના પિતા થાય છે અને આ કામના અરજદાર અને સામાવાળાનું દસ વર્ષથી વધુ વર્ષનું લગ્નજીવન છે તેવા સંજોગોમાં તેમની આ કામના અરજદારના ભરણપોષણની કાયદાકીય, સામાજીક અને નૈતિક જવાબદારી બને છે કે તેઓ આ કામના અરજદારોની ભરણપોષણની કાળજી લે અને તેથી આ કામના અરજદારો દ્ધારા સદર કલમ હેઠળ માંગવામાં આવેલ દાદ ન્યાયીક અને વ્યાજબી જણાય છે.

૧૩) **Section 22 of The D.V.Act speaks about compensation orders.**

In addition to other reliefs as may be granted

under this Act, the Magistrate may on an application being made by the aggrieved person, pass an order directing the respondent to pay compensation and damages for the injuries, including mental torture and emotional distress, caused by the acts of domestic violence committed by that respondent.

**૧૩.૧)** કલમ–૨૨ મુજબ અરજદારને સામાવાળાઓ દ્વારા શારીરીક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવેલ તે માટે કોમ્પનશેસનના હુકમો મેળવવા માટે અરજદારે દાદ માંગેલ છે અને વળતરની માંગણી કરેલ છે. જેથી કલમ–૨૨ અન્વયે હુકમ કરવો એ યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ આવે છે જેથી કલમ–૨૨ મુજબ નો હુકમ કરવામાં આવેલ છે.

**<u>સારાંશ</u>**

**૧૪)** સમગ્ર રેકર્ડ તથા રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો આ કામના અરજદાર આ કામના સામાવાળાથી અલગ રહે છે તેમજ અરજદારોને સામાવાળાઓ દ્વારા વિના કારણે તરછોડી દેવામાં આવેલ છે. આ કામના સામાવાળાઓએ અદાલતમાં હાજર રહી પોતાનો બચાવ રજુ રાખેલ નથી કે સામાવાળાઓ તરફે હાલની અરજીમાં કોઈ લેખિત કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી તેવા સંજોગોમાં અરજદારના કથનોને નહીં માનવાને કોઈ કારણ નથી. કોઈ પણ સ્ત્રી અસહ્ય કારણો વગર તેમના પતિ ગૃહનો ત્યાગ કરે નહીં. સામાવાળાએ અદાલતમાં હાજર રહી પોતાની મિલકત, જવાબદારી અને આવક અંગેનું નામદાર સર્વોચ્ચ અદાલતના આદેશો મુજબનું સોગંદનામું હાલની અરજી અન્વયે રજુ રાખેલ નથી.

વધુમાં અરજદાર તરફે પણ સામાવાળાની આવક અંગેના પુરાવા રજુ રાખવામાં આવેલા નથી. પરંતુ તેટલા માત્રથી સામાવાળાઓ પોતાની કાયદાકીય જવાબદારીમાંથી છટકી શકે નહીં. આ કામના અરજદાર નં. ૧ સામાવાળા નં. ૧ ના પત્ની થતા હોઇ તેમજ અરજદાર નં. ૨ સામાવાળા નં. ૧ ના પુત્ર થતા હોય અરજદારોનું ભરણપોષણ કરવું એ સામાવાળાની નૈતિક જવાબદારી હોઇ જેથી ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને રાખી તેમજ આ કામે અરજદારોના પાલનપોષણ અને રહેઠાણ વિગેરે તમામ આવશ્યક તત્વોને ધ્યાને રાખી મુદ્દા નં. ૧ નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-ઃ હુકમ ઃ-**

૧) અરજદારની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨) આ કામના સામાવાળાઓએ જાતે કે અન્ય કોઇના મારફતે અરજદારોને કે તેમના આશ્રિત સબંધે કોઇ પણ વ્યક્તિ સાથે કૌટુંબિક હિંસાનું કોઇ પણ કૃત્ય કરવા પર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે. (કલમ-૧૮)

૩) આ કામના સામાવાળા નં. ૧ નાઓને હુકમ કરવામાં આવે છે કે તેઓએ અરજદાર નં. ૧ ને માસિક રૂ. ૩૦૦૦/- અંકે રૂપિયા ત્રણ હજાર પુરા તથા અરજદાર નં. ૨ ને માસિક રૂ. ૨,૦૦૦/- અંકે રૂપિયા બે હજાર પુરા એમ કુલ મળી માસિક રૂ. ૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા ભરણપોષણની રકમ અરજીની તારીખથી ચડ્યે ચડ્યા દર માસે નિયમીત રીતે ચુકવી આપવા.(કલમ-૨૦)

૪) આ કામના સામાવાળા નં. ૧ ને એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામના અરજદારને રહેઠાણની વ્યવસ્થાના બદલામાં માસિક રૂ.

૨,૦૦૦/– અંકે રૂપિયા બે હજાર પુરા ની રકમ ભાડા પેટે હુકમની તારીખથી માસિક દર માસે ચઢ્યે ચઢ્યા નિયમિત રીતે ચુકવી આપવા. (કલમ–૧૯)

૫) આ કામના સામાવાળાઓએ સંયુક્ત રીતે અરજદારને પહોંચાડેલ માનસિક યાતના તેમજ ત્રાસ અને અરજીના ખર્ચ પેટે એક વખતના વળતર પેટે રૂ. ૨૫,૦૦૦/– ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. (કલમ–૨૨)

૬) અરજદાર જે જગ્યાએ રહેતાં હોય ત્યાં હકુમતમાં આવેલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીશ્રીને એવો આદેશ કરવામાં આવે છે કે અરજદાર તરફથી માંગણી થયે તેમને રક્ષણ પૂરું પાડવું તદ્ઉપરાંત અરજદારની તરફેણમાં કરવામાં આવેલ હુકમોના પાલનમાં માંગણી થયેથી અચુકપણે મદદ કરવી તેમજ જરૂરી સગવડો પુરી પાડવી.

૭) હુકમની જાણ પ્રોટેકશન ઓફિસર શ્રી, ઉનાનાઓને કરવી અને પ્રોટેકશન ઓફિસરશ્રી એ હાલના હુકમના પાલન અન્વયે યોગ્ય જરૂરી પગલાં લેવા.

૮) હુકમની એક નકલ પ્રોટેકશન ઓફિસરશ્રી તેમજ સંબધિત પોલીસ સ્ટેશને મોકલવાનો આદેશ કરવામાં આવે છે.

૯) હુકમ ની એક નકલ બંને પક્ષકારોને વિના મુલ્યે કલમ–૨૪ મુજબ પુરી પાડવી.

૧૦) સુપ્રિટેન્ડન્ટશ્રી, અધિક ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઉના નાઓએ ઉપરોકત હુકમમાં જણાવેલી કાર્યવાહી તાત્કાલિક ધોરણે કરવી.

હુકમ આજ તારીખ ૨૪ મી, માંહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ. ઉના
તા.૨૪/૦૬/૨૦૨૬

(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)
એડી.ચીફ જયુડી.મેજી.
ઉના. કોડ નંબર–GJ–01100